સમસ્યા ગાંધીનગરના ૫૧૩ પરિવારોની!!

ગાંધીનગરના કુલ ૩૧,૨૧૯ ઘર પરિવારો એવા છે જેમાં એક રૂમ થી વધારે રૂમની સગવડ છે પરંતુ ઘરમાં પરણિત દંપતિ જ નથી. જ્યારે બીજી તરફ સ્થિતિ એવી પણ છે પરણિત દંપતિ ની સંખ્યા બે કરતાં વધુ હોવા છતાં પણ અલગ રૂમની વ્યવસ્થા નથી. આખો પરિવાર ઘરનો બેડરૂમ ગણો તો બેડરૂમ કે ઘરનો ડ્રોઈંગરૂમ ગણો તો ડ્રોઈંગ રૂમ કે રહેવા માટે તો એક છત મળી છે તેવો સંતોષ માનીને કુટુંબ જીવન પસાર કરે છે, કારણકે આ પરિવારો પાસે કોઈ અલગ રૂમની વ્યવસ્થા જ નથી, એક અને માત્ર એક જ રૂમ તેમની પાસે ઉપલ્બ્ધ છે. ગાંધીનગરમાં પરિવારમાં બે થી વધારે પરણિત દંપતિ ની સંખ્યાવાળા ઘર પરિવારો જોઈએ તો ૫૪ ૯૫૮, ત્રણ દંપતિ વાળા ઘર-પરિવાર જોઈએ તો ૧૩૯૧૨, ઘર પરિવારમાં ચારથી વધુ દંપતિ ઓ હોય તેમની

કુટુંબની ભીડમાં અટવાતા એકલ પરણિત દંપતિઓ

સંખ્યા ૧૭૦૮ અને ૫ કે પથી વધુ વધુ પરણિત દંપતિઓ એક જ ઘરમાં હોય એમની સંખ્યા ૨૭૧ ની છે.પરંતુ ૫૧૩ પરિવારો એવા છે કે જેમના નસીબમાં બે થી વધુ અને ૫ કે પાંચથી વધુ પરણિત દંપતિ હોવા છતાં તેમની પાસે કોઈ અલગ રૂમની સુવિધા જ નથી!!

ગાંધીનગરના ગ્રામીણ સેન્સસ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં આવા પરિવારોની સંખ્યા શહેરી વિસ્તાર કરતા વધારે પ્રમાણમાં છે. ગાંધીનગર ગ્રામીણ વિસ્તારમાં આવા ૩૦૯ પરિવારો અને શહેરી વિસ્તારમાં ૨૦૪ પરિવારો આવી શ્રેણીમાં સમાવિષ્ટ છે. એક તરફ ૩૧૦૦૦ થી વધુ પરિવારોમાં પરણિત સદસ્યની સંપૂર્ણ ગેરહાજરી છે તો બીજી તરફ સેન્સસ અહેવાલ એમ દર્શાવે છે કે જ્યાં પરિવારમાં પરણિત દંપતિઓની સંખ્યા વધારે છે ત્યાં અલગ રૂમની વ્યવસ્થા જ નથી. અને આ તો માત્ર એવા પરિવારોની વાત છે કે જ્યાં કોઈ અલગ રૂમની સગવડ જ નથી. જો આપણે આ બાબતમાં વધુ ઊંડા ઉતરીને સેન્સસના આંકડાઓનું મૂલ્યાંકન કરીએ તો પરિસ્થિતિ વધારે સમજમાં આવે એવી સ્થિતિ છે.

પરિવારમાં પરણિત દંપતિઓની સંખ્યા	ગાંધીનગર એક છત નીચે રહેતા બે થી વધુ પરણિત દંપતિ	
૨	૨૪૪	૧૬૮
૩	૬૨	૩૦
૪	૦૨	૦૪
૫+	૦૧	૦૨

વસ્તી અહેવાલ-૨૦૧૧ મુજબ સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો માત્ર ૫૧૩ ઘર પરિવારોમાં જ આવી સ્થિતિ છે પરંતુ આપણે જ્યારે સમાજ વિજ્ઞાનની દ્રષ્ટિએ વિચારીએ તો પ્રશ્ન એવો થાય કે સમાજજીવનમાં આ સંયુક્ત પરિવારમાં વસતા પરણિત અને એમાં પણ પ્રજનનક્ષમતા અને પ્રજનનશીલતા ધરાવતા પતિ પત્ની વચ્ચે જો અલગ ઓરડાની અછત હોય તો કેવા દામ્પત્યજીવનના પ્રશ્નો

● અનુસંધાન પાના - ૭ પર

સમગ્ર ગુજરાતમાં ભારે ચર્ચાસ્પદ બનેલ લોક રક્ષક દળની પરીક્ષા આજે બીજા તબક્કામાં નિર્વિઘ્ને સંપન્ન થઈ હતી... ૮૦ હજારથી વધુ પરીક્ષાર્થીઓએ એસ.ટી.ની મફત મુસાફરીના સરકારના નિર્ણયનો લાભ લઈ આ પરીક્ષામાં હાજરી આપી હતી... ગાંધીનગર ખાતે પણ ૧૦૦થી વધુ કેન્દ્રોમાં આજે આ પરીક્ષા યોજવામાં આવી હતી... પરીક્ષાનું દબાણ પરીક્ષાર્થીઓએ છેલ્લી ઘડી સુધી અનુભવ્યું હતું તે તસવીરમાં સ્પષ્ટ વાંચી શકાય છે... છેલ્લી ઘડી સુધી પરીક્ષાર્થીઓએ સંદર્ભોને યાદ રાખવાના પ્રયત્નો કર્યા હતા... પરીક્ષા કેન્દ્રોની બહાર ભારે પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો... એટલું જ નહિ દર ૩ કેન્દ્રોએ એક ફ્લાઈંગ સ્કવૉડ મુકાઈ હતી...

સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ લાગી પણ ક્રોસ રસ્તાઓ જોખમી અકસ્માત ઝોન સમાન

ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે મુખ્યમાર્ગો પર બિનજરૂરી ક્રોસ રોડ બંધ કરવા માટે કોઇ આયોજન થતુ નથી

ગાંધીનગર તા ૬

શહેરમાં મુખ્યમાર્ગો પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ લગાવાની સાથે ટ્રાફિક સિગ્નલ પણ જબુકતા થયા છે. પરંતુ મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનો માટે ક્રોસ રોડ અકસ્માત ઝોન સમાન પુરવાર થઈ રહ્યા છે. આ મામલે અગાઉ પણ માર્ગ સલામતીના મુદ્દાને ધ્યાને લઈ બિનજરૂરી ક્રોસ રસ્તાઓ બંધ કરવા માટે સુચવાયુ હતુ પરંતુ હજુ સુધી આ મામલે કોઈ આયોજન થયુ નથી

શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો તરફ સત્તાધીશો હજુ બેધ્યાન છે. શહેરમાં બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ આમ નાગરિકોની સલામતીને ધ્યાને લઈ નકકર આયોજન થતુ નથી. જેના લીધે પૈડા પરની જિન્દગી વધુ જોખમાઈ છે. શહેરના મુખ્યમાર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ ફીટ કરવામાં આવી છે. જો કે રખડતા ઢોરની સમસ્યા હજુ હલ થઈ નથી. ત્યારે ગતિનિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. છેલ્લા ત્રણ ચાર વર્ષમાં શહેરના માર્ગો પર દોડતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. મેગાસીટીની જેમ ગાંધીનગરના માર્ગો પર હવે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. પીક અવર્સમાં પણ ટ્રાફિક જામના લીધે વાહનચાલકો આંતરિક માર્ગો પરથી જવાનુ પસંદ કરી રહ્યા છે. શહેરમાં ગતિ નિયંત્રણની વાત માત્ર કાગળ પર રહી ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી શેહરના માર્ગો પર વધતા ટ્રાફિક વચ્ચે અકસ્માતોની સંખ્યા વધી છે. રોજબરોજ નાના મોટા અકસ્માતો જોવા મળી રહ્યા છે. ટ્રાફિક સિગ્નલ લગાવાયા બાદ પણ અકસ્માતો અટકવાનુ નામ લેતા નથી. શહેરના માર્ગ વચાળે તંત્ર દ્વારા ગ્રીલ પણ ફીટ કરી દેવામાં આવી છે. જયારે રખડતા ઢોરનો પ્રશ્ન હજુ પણ યથાવત છે. શહેરમાં પાર્કીંગની સમસ્યા પણ અકસ્માત અને ટ્રાફિક જામ પાછળ જવાબદાર છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર જોવા મળતા બિનજરૂરી ક્રોસ રોડને પણ બંધ કરવામાં લાંબા સમયથી ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. શહેરના મુખ્યમાર્ગો વચાળે ગ્રીલ લગાવી રખડતા ઢોર અકસ્માતનુ કારણ ન બને તેમજ રોપાઓનુ રક્ષણ થાય તે મુજબ આયોજન કરાયુ છે. પરંતુ મુખ્યમાર્ગો પર ઘણાં ઠેકાણે ક્રોસ રોડ આવતા હોવાથી આવા જંકશન માર્ગ સલામતીની દ્રષ્ટીએ અત્યંત જોખમી પુરવાર થઈ રહ્યા છે. નગરના માર્ગો પર આવા ઠેકાણે બમ્પ બનાવાની પણ માંગ ઉઠવા પામી હતી. જયારે ક્રોસ રોડ બંધ કરવા માટે પણ સુચવાયુ હતુ. પરંતુ આ મામલે પણ કોઈ આયોજન ન થતા સ્માર્ટી સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં માર્ગ સલામતીનો મુદ્દો હજુ પણ જટીલ અવસ્થામાં છે.

સરદારની પ્રતિમા પાસે ભારતનો સૌથી મોટો 'કેકટસ ગાર્ડન' બનશે

૧૬મી જાન્યુઆરીએ સહેલાણીઓ માટે 'કેકટસ ગાર્ડન' ખુલ્લો મુકવાની સંભાવના

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં સૌથી મોટો 'કેકટસ ગાર્ડન' ગોરા રેન્જમાં આવેલા મોખડી ગામ પાસે આકાર પામી રહ્યો છે. જે આવનારા દિવસોમાં ભારતનો સૌથી મોટો 'કેકટસ ગાર્ડન' બની રહેશે. આ ગાર્ડન નર્મદા ડેમ પાસે આવેલા 'સરદાર'ની પ્રતિમાની ૧ કિ.મી. દૂર આવ્યો છે.

કેવડીયા ડેમ પાસે સહેલાણીઓનું પ્રિય સ્થાન બની રહ્યું છે. ત્યારે વન વિભાગ દ્વારા સરદારની પ્રતિમાથી એક કિલોમીટર દૂર ભારતનો સૌથી મોટો 'કેકટસ ગાર્ડન' બનાવવાનું શરૂ કર્યુ છે. આ ગાર્ડનમાં

● અનુસંધાન પાના - ૭ પર

કેન્દ્ર સરકારની સાત યોજનાના અમલીકરણનો અભ્યાસ કરવા ટીમ આવે છે

૧૩ થી ૧૮ જાન્યુઆરી દરમ્યાન આ ટીમ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરી સમીક્ષા અને સંવાદ કરશે

ગાંધીનગર, તા. ૬

કેન્દ્ર સરકારની સાત જેટલી યોજનાઓના જિલ્લામાં થઈ રહેલા અમલીકરણના અભ્યાસ માટે એક ટીમ જિલ્લાના પ્રવાસે ૧૩ થી ૧૮ જાન્યુઆરી દરમ્યાન આવી રહી છે.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશનમાંથી આ ટીમ જિલ્લાના પ્રવાસે આવી રહી છે. જેમાં ૧૨થી વધુ સભ્યો હશે.

મળતી વિગતો પ્રમાણે આ ટીમ સ્વચ્છ ભારત મિશન, મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, લાઈવલીહુડ મિશન, સર્વ શિક્ષા અભિયાન, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનની કામગીરીની સમીક્ષા કરાશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અભ્યાસ માટે આવી રહેલી ટીમ સૌથી સારી કામગીરી, મધ્યમ કામગીરી અને સરેરાશ કામગીરી થતી હોય તેવા ગામોની પસંદગી કરી અને ત્યાં જશે.

● અનુસંધાન પાના - ૭ પર

ઉત્તરાયણનું કાઉન્ટ - ડાઉન - ઉત્તરાયણના પર્વને આડે હવે થોડાક જ દિવસો બાકી રહ્યા છે ત્યારે બજારમાં ધીમે ધીમે પર્વનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે... ઉત્તરાયણના પર્વે પંતગ-દોરીનું બજાર ખુલતા પતંગ રસીયાઓ પતંગ-દોરીની ખરીદીના આગોતરા આયોજનમાં લાગી જતા હોય છે... એમાંય ખાસ કરીને પતંગ ચગાવવા દોરી મહત્વનો ભાગ ભજવે છે... ખાસ કરીને પતંગ રસીયાઓમાં ઘસેલી દોરીનું પણ મહત્વ રહેલું હોય છે... એટલે જ આગોતરા આયોજનના ભાગરૂપે પતંગ રસીયાઓ ઘસાયેલી દોરી પીવડાવવામાં લાગી ગયા છે અને એમાં પારંગત દોરી ઘસનારા આ કામ પૂરા ઉત્સાહથી જોતરાઈ ગયા છે...

ગ્રામ્ય વિસ્તારમાંથી ૩૬ બાળકો હૃદય, કિડની અને કેન્સરની બિમારી ધરાવતા મળ્યા

૧૪,૪૦૮ બાળકોને સ્થળ પર સારવાર અપાઈ, આંખ, દાંત અને ચામડીના રોગ ધરાવતા બાળકો વધુ મળ્યા

ગાંધીનગર, તા. ૬

આરોગ્ય વિભાગના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શાળા-આરોગ્ય ચકાસણી અભિયાન દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી હૃદયની બિમારી ધરાવતા ૨૯ બાળકો, કીડનીની બિમારી ધરાવતા-૬ બાળકો, કેન્સરની બિમારી ધરાવતુ ૧ બાળક અને અન્ય રોગના ૧૮ બાળક મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬૦ ટકાથી વધુ કામગીરી આ પ્રોજેક્ટની પૂર્ણ થઈ જવા પામી છે. આ ચકાસણી દરમ્યાન ૧૪,૪૦૮ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. જ્યારે ૪૫૩ બાળકોને સંદર્ભ સેવા માટે જિલ્લાના નિષ્ણાતોને રિફર કરવામાં આવ્યા છે.

આ ચકાસણી દરમ્યાન ૧ હજારથી વધુ બાળકો કુપોષણથી પિડાતા મળી આવ્યા છે. ૭૧૬ બાળકોને પાંડુરોગ અને ૩૦૯ બાળકોને કૃમિરોગ જણાયો છે.

૪૬૭ બાળકોને દાંતની તકલીફ જણાઈ આવી છે તો ૨૯૦ બાળકોને આંખની તકલીફ જણાઈ છે. ચામડીના રોગથી પિડાતા બાળકો ૨૨૨ અને પેટની બિમારી ધરાવતા ૫૭ બાળકો મળી આવ્યા છે. જ્યારે ૧૬૬ બાળકોને કાન,

● અનુસંધાન પાના - ૭ પર

૨૦૦૩થી ૨૦૧૭માં વાયબ્રન્ટના હાઈસીંગ એમઓયુ પૂર્ણ થયાની વિગતો મંગાવાઈ

સરકાર વાઈબ્રન્ટના એમ.ઓ.યુ. પૂર્ણ થયા છે તેની વિગતો સાથે એક પ્રકાશન તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતમાં હાઈસીંગની યોજનાઓને લઈ વાયબ્રન્ટ સમીટ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ. અને પૂર્ણ થયેલ યોજનાઓની વિગતો સાથેનો અહેવાલ રાજ્ય સરકારે મંગાવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૦૩ થી ૨૦૧૭ દરમ્યાન યોજાયેલ વિવિધ વાયબ્રન્ટ સમીટમાં હાઉસીંગ યોજનાઓ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં જે એમ.ઓ.યુ. થયા હતા તેની છેલ્લી સ્થિતિ સહિતની વિગતો સાથેનો અહેવાલ મોકલવા દરેક જિલ્લાને જણાવવામાં આવ્યુ છે.

આ હાઉસીંગ યોજનાઓમાં શહેરી વિકાસ સત્તામંડળની યોજનાઓને સમાવેશ કરવાનો નથી તેવી પણ સૂચનાઓ આપવામાં આવી છે.

તાજેતરમાં રાજ્યના મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને વાયબ્રન્ટના આયોજનની તૈયારીઓ અને સમીક્ષા માટે મળેલ બેઠકમાં વાયબ્રન્ટ દરમ્યાન વિવિધ વિભાગોના જે એમ.ઓ.યુ. પ્રોજેક્ટસ પૂર્ણ થયા છે તેની વિગતો સાથેનો અહેવાલ મોકલવા જણાવાયુ છે.

મળતી વિગતો પ્રમાણે આવી યોજનાઓ અંગેનું એક ખાસ પ્રકાશન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટો પૂર્ણ થતાં કેટલી રોજગારી મળી તેની પણ વિગતો તેમાં દર્શાવવામાં આવશે તેમ સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.

મળશે નહિ

ગાંધીનગર, સે.૧૭ના પ્રખ્યાત કાન, નાક, ગળાના સર્જન **ડો. યશવંત બી. છાટબાર** હૈદ્રાબાદ કોન્ફરન્સમાં જતા હોવાથી તા. ૭/૧/૨૦૧૯ થી તા. ૧૪/૧/૨૦૧૯ મળી શકશે નહી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com